# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી ૨૬-૧૦-૨૦૨૩

પાલનપુર ખાતે નિર્માણધન બ્રીજ તૂટી પડવાની ગંભીર દુર્ઘટના જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવવો પડ્યો છે તેમ છતાં તંત્ર દરેક દુર્ઘટના પછી "સબ સલામતના દાવા" અને "ચમરબંધીને છોડવામાં નહિ આવે" તેવી મોટી મોટી વાતો કરી રહી છે. ભાજપ સરકારના ભયમુક્ત ભ્રષ્ટાચારના કારણે દુર્ઘટનામાં ભોગ બનેલ નિર્દોષ નાગરીકોના પરિવારને સાંત્વના પાઠવવા અને દુર્ઘટનામાં ભોગ બનનાર પરિવારને ન્યાય મળે તેવી માંગ સાથે કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિ મંડળ તારીખ ૨૮ ઓક્ટોબર, શનિવારના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે કલેકટરશ્રીને રૂબરૂમાં રજૂઆત કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલે પાલનપુર બ્રીજ દુર્ઘટનામાં ભોગ બનેલ પરિવાર પ્રત્યે સહાનભૂતિ વ્યક્ત કરીને આધાર ગુમાવનાર પરિવારને ન્યાય મળે અને જવાબદાર સામે કડક પગલા ભરવા માંગ કરી છે આ પ્રકારની ગંભીર દુર્ઘટના રોકવા જાહેર બાંધકામની ગુણવત્તા, જાળવણી માટે સરકાર ભ્રષ્ટાચારી વ્યવસ્થા માંથી બહાર આવે જેથી આવી વારંવાર દુર્ઘટના અટકાવી શકાય.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી, પૂર્વ સાંસદ અને સંગઠન પ્રદેશ પ્રભારી શ્રી અલ્કાબેન ક્ષત્રીય, શ્રી મુકેશભાઈ દેસાઈ, શ્રી ભચાભાઈ આહીર, ધારાસભ્ય શ્રી ગેનીબેન ઠાકોર, શ્રી અમરતજી ઠાકોર, શ્રી કાન્તીભાઈ ખરાડી, જીલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી ભરતસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશ પટેલ, શ્રી શીવાભાઈ ભુરીયા, શ્રી બનાસકાંઠા જીલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રી આશાબેન રાવલ સહીતના આગેવાનો મૃતકના પરિવારોને રૂબરૂ મળીને સાંત્વના પાઠવશે અને પરિવારને ન્યાય માટે સંપૂર્ણ લડતમાં જોડાશે.

**( હિરેન બેન્કર )**
**પ્રવક્તા**